રખડતા કૂતરાંના રસીકરણ અને ખસીકરણના પૂરાવા કોણ આપશે તે સૌથી મોટો પ્રશ્ન

# ‘જંગલમેં મોર નાચા કીસને દેખા?’

**માત્ર** 5 મહિનામાં 18000થી વધુને કુતરા કરડયા પરંતુ મનપાના તંત્રએ માત્ર ઇજારદારને નોટીસ ફટકારી હાથ ઉંચા કરી દીધા

સુરત : શહેરમાં રખડતા શ્વાનોનો આતંક દિવસેને દિવસે બેકાબૂ બની રહ્યો છે. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ ખતરનાક અને હિંસક કૂતરાઓ મુદ્દે કડક વલણ અપનાવતાં માનવજીવનની સુરક્ષાને પ્રથમ પ્રાથમિકતા ગણાવી હોવા છતાં સુરત મહાનગરપાલિકાનું તંત્ર હજુ પણ ઊંઘમાં હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં 24 મેના રોજ બનેલી બે ગંભીર ઘટનાઓએ ફરી એકવાર મનપાની કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે. એક તરફ રિંગ રોડ વિસ્તારમાં માસૂમ બાળક પર શ્વાનોના ટોળાએ જીવલેણ હુમલો કર્યો, તો બીજી તરફ રામપુરા વિસ્તારમાં બકરી-ઈદ માટે લાવવામાં આવેલા ત્રણ બકરાનો શ્વાનોએ શિકાર કરતા લોકોમાં ડર અને રોષ ફેલાયો છે.

શહેરમાં છેલ્લા એક અઠવાડિયામાં ડોગ બાઈટની છથી વધુ ઘટનાઓ સામે આવી ચૂકી છે. છેલ્લા અઢી વર્ષમાં 91 હજારથી વધુ લોકોને અને તેમાં પણ પાંચ માસમાં 18000 લોકોને કૂતરા કરડયાનુ મનપાના ચોપડે નોંધાયુ છે. મનપાના રસીકરણ અને ખસીકરણની સ્થિતિ એવી છે કે, ‘જંગલમે મોર નાચા’ કીસને દેખા ?કારણ કે, ડોગનું રસીકરણ કે ખસીકરણ થયું કે નહીં તેના કોઈ જ પૂરાવા મળતા નથી

મનપાના તંત્રના જણાવ્યા મુજબ દરરોજના 50 થી 60 ઓપરેશન કરવામાં આવે છે. 3 ડોક્ટરની ટીમ છે. છ સ્કેચિંગ ટીમ છે. જે દરરોજ સ્કેટિંગ કરે છે અને દરરોજ 50થી 60 રસીકરણ, ખસીકરણ કરવામાં આવે છે અને મહિને 1200નો ટાર્ગેટ આપવામાં આવેલો છે. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે 2001 નો એબીસી રૂલ્સ (ABC Rules) 2001 નો ઉલ્લેખ કરવામાં આવેલો છે, જે ગાઈડલાઈન પહેલેથી ઉપલબ્ધ છે. આપણા દ્વારા જે હડકવાવાળા કૂતરા હોય, જેમને રેબીઝ થયેલો હોય એમને આઈસોલેશનમાં રાખવામાં આવે છે અને ભેસ્તાન ખાતે એક અલગથી જ આઈસોલેશન વોર્ડ ઉપલબ્ધ કરાયો છે. જો કે રસીકરણ-ખસીકરણ કરતી એજન્સીની કામગીરી બાબતે મોનટરીંગની કોઈ ચોકકસ વ્યવસ્થા નથી. મનપાના વિઝીલન્સ વિભાગે આજ સુધી કયારેય આ કામગીરીમાં કોઈ ઉણપ શોધવાની તસ્દી લીધી નથી.

## 2022થી 2026 દરમિયાન 10 કરોડનું આંધણ છતા કૂતરાઓની સંખ્યા બેકાબુ

મનપાના બજેટ આંકડાઓ દર્શાવે છે કે વર્ષ 2022-23માં ABC પ્રોગ્રામ માટે રૂ.1.50 કરોડનું બજેટ રાખવામાં આવ્યું હતું, જે વધીને વર્ષ 2024-25માં રૂ.3.50 કરોડ સુધી પહોંચ્યું હતું. તેમાં વર્ષ 2024-25માં રૂ.2.50 કરોડની સરકારી ગ્રાન્ટ પણ ફાળવાઈ હતી. જ્યારે વર્ષ 2025-26માં રૂ.2 કરોડ અને ત્યારબાદ રૂ.1.75 કરોડની વધારાની ગ્રાન્ટ પણ આપવામાં આવી હતી. આ ગ્રાન્ટ રખડતા શ્વાનોના આશ્રયસ્થાન, ABC સેન્ટરની માળખાકીય સુવિધા અને ખસીકરણ-રસીકરણ માટે આપવામાં આવી હોવાનું મનપાના ચોપડે બોલાય છે. મનપાએ દાવો કર્યો છે કે ABC કામગીરીની દેખરેખ માટે મોનીટરિંગ કમિટી અને ઓર્ગન ઇન્સ્પેક્શન કમિટી રચવામાં આવી છે અને દર મહિને કામગીરીની ચકાસણી કરવામાં આવે છે. ઉપરાંત શહેરના 74 હેલ્થ સેન્ટર અને સ્મીમેર સહિત 2 હોસ્પિટલોમાં હડકવા વિરોધી રસી (ARV) ઉપલબ્ધ કરાવવામાં આવી છે તેમ છતાં શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતા શ્વાનોના હુમલા, ટોળા અને ડોગબાઇટની ઘટનાઓ યથાવત રહેતાં નાગરિકોમાં અસંતોષ વધી રહ્યો છે. લોકોનું કહેવું છે કે કરોડોનો ખર્ચ અને સતત કામગીરી છતાં સ્થિતિમાં ખાસ સુધારો દેખાતો નથી.

## કોન્ટ્રાક્ટરની પણ લાલિયાવાડી



મહાનગરપાલિકા વિસ્તારમાં રખડતા કૂતરાઓનો ત્રાસ અને ડોગ બાઈટના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. શહેરમાં ચાલુ વર્ષે માત્ર સાડા ચાર મહિનામાં જ 18,00થી વધુ ડોગ બાઈટના કેસો નોંધાયા છે. આ ભયાનક પરિસ્થિતિ વચ્ચે પાલિકાના ભેસ્તાન ખાતે આવેલા એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટરમાં કોન્ટ્રાક્ટરની લાલિયાવાડી સામે આવી છે.છેલ્લા ચાર મહિનાથી અહીં ફરજ બજાવતા ડોક્ટરોને વેતન ન ચૂકવાયું હોવાને કારણે તબીબોએ કૂતરાઓના ખસીકરણની કામગીરી બંધ કરી દીધી છે અને કેન્દ્ર સુમસામ પડ્યું છે. આ ગંભીર મામલે મહાનગરપાલિકાએ ઈજારદારને નોટિસ ફટકારીને સંતોષ માની લીધો છે.



## સુરતમાં ડોગ બાઈટના નોંધાયેલા કેસ

| મહિનો | 2024 | 2025 | 2026 |
|---|---|---|---|
| જાન્યુઆરી | 3033 | 3475 | 3758 |
| ફેબ્રુઆરી | 2719 | 3115 | 3899 |
| માર્ચ | 2730 | 3128 | 3858 |
| એપ્રિલ | 3611 | 4137 | 4406 |
| મે | 3153 | 3612 | 2222* |
| જૂન | 2695 | 3088 | - |
| જુલાઈ | 2274 | 2605 | - |
| ઓગસ્ટ | 2613 | 2994 | - |
| સપ્ટેમ્બર | 2524 | 2892 | - |
| ઓક્ટોબર | 2720 | 3116 | - |
| નવેમ્બર | 2859 | 3275 | - |
| ડિસેમ્બર | 3487 | 3995 | - |
| કુલ | 34,418 | 39,432 | 18,143** |

# ઉધનામાં બંધ મકાનને નિશાન બનાવી ૭.૧૦ લાખની ચોરી

**મોરારજી** વસાહતમાં તસ્કરો ટેરેસની સીડીનું પતરૂં તોડી ઘરમાં ઘૂસ્યા હતાં

**ચોરી** એટલી સિફતથી કરવામાં આવી કે આસપાસના લોકોને ખબર પણ નહીં પડી

સુરતઃ ઉધનાની એક સોસાયટીમાં મોડી રાત્રે ત્રાટકેલા રીઢા ચોરોએ એક મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરો ધાબા પરથી સીડીનું પતરૂં તોડીને અંદર પ્રવેશ્યા હતા અને બેડરૂમમાં રાખેલી તિજોરીમાંથી રોકડા રૂ. ૫ લાખ તેમજ સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૭.૧૦ લાખની માતબર મત્તાની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. આ હિંમતભરી ચોરીની ઘટનાને પગલે ઉધના પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ઉધના મોરારજી વસાહત રોડ નંબર-૮ પર આવેલી અશોક સમ્રાટનગર સોસાયટીમાં ૨૦ વર્ષીય ચિરાગ જગદીશચંદ્ર કલાલ પરિવાર સાથે રહે છે અને અભ્યાસ કરે છે. ગત તા. ૨૧મી મેના રોજ મોડી રાત્રે જ્યારે પરિવાર સૂતો હતો અથવા ઘર બંધ હતું, ત્યારે અંધારાનો લાભ લઈને તસ્કરો ત્રાટક્યા હતા. શાતિર ચોરોએ મકાનના ટેરેસ પર જઈને ત્યાં સીડી પાસે મારેલું લોખંડનું પતરૂં ભારે હથિયાર વડે તોડી નાખ્યું હતું અને ઘરમાં ઘૂસ્યા હતા.ઘરમાં પ્રવેશેલા ચોરોએ સીધા બેડરૂમ તરફ નજર દોડાવી હતી. ત્યાં મૂકેલા કબાટ (તિજોરી)નું તાળું તોડી કબાટ ફંફોસી માર્યો હતો. કબાટમાં રાખેલા બિઝનેસ અથવા અન્ય કામના રોકડા રૂ. ૫,૦૦,૦૦૦ અને રૂ. ૨,૧૦,૦૦૦ની કિંમતના સોના-ચાંદીના કિંમતી દાગીના મળીને કુલ રૂ. ૭,૧૦,૦૦૦નો મુદ્દામાલ ચોરી લીધો હતો.

ચોરીની આખી ઘટના એટલી સફાઈપૂર્વક અંજામ આપવામાં આવી હતી કે આસપાસના લોકોને ભનક સુદ્ધાં આવી નહોતી.વહેલી સવારે ચોરી થઈ હોવાની જાણ થતાં જ ચિરાગ કલાલે તુરંત જ ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે આ મામલે ચોરીનો ગુનો નોંધી ઘટનાસ્થળે એફએસએલ (FSL) અને ડોગ સ્ક્વોડની મદદ લીધી છે. પોલીસે સોસાયટી અને આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ મેળવીને શંકાસ્પદ હિલચાલ કરનારા તસ્કરોની ઓળખ મેળવવા કવાયત શરૂ કરી છે.

# બોગસ ભાડાચિટ્ટી કેસમાં આરોપીના રિમાન્ડ નામંજુર

**ઘર** ખાલી કરાવવા ફરિયાદીએ પોલીસ સાથે મળીને ખોટો કેસ ઉભો કર્યાની બચાવ પક્ષની દલીલ

સુરતઃ લાલગેટ પોલીસ મથકની હદમાં આવેલા પચાસ વર્ષથી વધુ જૂના ખજૂરાવાડી વિસ્તારમાં રહેતા ભાડુત પાસેથી કહેવાતી બોગસ ભાડાચિઠ્ઠી કબ્જે કરવા માટે રિમાન્ડની માંગ કોર્ટે ફગાવી દીધી હતી. ફરિયાદી મોહંમદ ફીરોઝ મુનશીની ફરિયાદના આધારે લાલગેટ પોલીસે મિલકત પચાવી પાડવાના ઈરાદે ખોટી ભાડાચીઠ્ઠી બનાવવાના કેસમાં યુસુફ ભીખન શેખ (રહે. ખજૂરાવાડી, વરિયાળી બજાર) ની તા. 23-5-2026 ના રોજ ધરપકડ કરી હતી, અને ગઈકાલે સાંજે કોર્ટમાં રજૂ કરી 3 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જ્યાં બચાવ પક્ષે એડવોકેટ અશ્વિન જોગડિયાએ દલીલ કરી હતી કે, તેમનો પરિવાર પચાસ વર્ષ ઉપરાંતથી ખજૂરાવાડીના આ ઘરમાં રહે છે, અને ત્યાં 100 થી વધુ ખોલીઓ છે. ફરિયાદીએ વર્ષ 2012 માં ભાડુતો સાથે તકરારી મિલ્કતો ખરીદી છે અને તેનો દસ્તાવેજમાં ઉલ્લેખ છે. સમગ્ર કેસ ભાડુત અને મકાન માલિક વચ્ચેની મિલ્કતના કબ્જાની તકરારનો છે. જે સિવિલ નેચરનો છે, અને આવા કેસને ક્રિમિનલ સ્વરૂપ આપી શકાય નહીં. વકીલે રજૂઆત કરી હતી કે, ઘર ખાલી કરાવવા ફરિયાદીએ પોલીસ સાથે મળીને ખોટો કેસ ઉભો કર્યો છે. કોઈ બનાવટી ભાડાચિઠ્ઠી બની નથી. ફરિયાદી ખુદ જ બનાવનો સમયગાળો વર્ષ 1995 થી 2023 સુધીનો હોવાનું જણાવે છે. જે વર્ષો જૂની વાત છે. રિમાન્ડ દરમિયાન પોલીસ ખોટી કબૂલાતો કરાવે તેવી પણ દહેશત છે. બંને પક્ષકારોને સાંભળ્યા બાદ કોર્ટે આરોપીના રિમાન્ડની અરજી નામંજૂર કરી હતી અને આરોપીને જ્યુડીશ્યલ કસ્ટડી મોકલી આપ્યો હતો.

## પાંડેસરામાં દારૂના નશામાં ભૂલથી એસિડ પી લેતા યુવકનું મોત

સુરતઃ પાંડેસરામાં દારૂના નશામાં ભૂલથી એસિડ પી લેતા યુવકનું મોત નિપજ્યું હતું. મૂળ ઓરિસ્સાના વતની શિવશંકર અભિમન્યુ ગૌડ (35 વર્ષ) હાલ પાંડેસરા કૈલાશ ચોકડી પાસે આવેલ અમૃતનગરમાં રહી લુમ્સના ખાતામાં નોકરી કરતો હતો.

રવિવારે સાંજે શિવશંકર બહાર આંટો મારવા જાઉં છું તેમ ઘરે કહીને નીકળ્યો હતો. દરમિયાન રાત્રે 11 વાગ્યાના સુમારે તે ઘરે દારૂનો નશો કરીને આવ્યો હતો. ત્યારે તેને અચાનક લોહીની ઉલટીઓ થવા લાગી હતી. જેથી શિવશંકરે એસિડ પીધું હોવાનું જાણ થતાં પરિવારજનો તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં તેનું મોત થયું હતું. તેણે નશામાં એસિડને પાણી સમજીને પી લીધું હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘટનાની વધુ તપાસ પોલીસ કરી રહી છે.

# ચેમ્બરની ચૂંટણી સામે ‘સ્ટે’ આપવાની પિટિશન ડિસમિસ

**સીએ.** હાર્દિક કુકડીયા કોર્ટમાં પહોંચ્યા હતા

સુરતઃ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની ચૂંટણી પ્રક્રિયા,ચૂંટણી કમિટી અને આર્બિટેશન કમિટીની કાર્યવાહી મુક્ત ન્યાયી ન હોવાની ફરિયાદ સાથે સીએ.હાર્દિક જીવરાજભાઈ કાકડિયા એ સુરતની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં અંદર સેક્શન 9 આર્બિટેશન એન્ડ કોસોલિએશન એક્ટ 1996 મુજબ દાદ માંગતી પીટીશન દાખલ કરી હતી.જેની આજે તાકીદની સુનાવણી થઈ હતી.

અરજદાર સીએ.હાર્દિક જીવરાજભાઈ કાકડિયાએ બે મુખ્ય માંગણીઓ કરી હતી જેમાં ચેમ્બરના ઉપપ્રમુખ પદની ચૂંટણી પારદર્શી રીતે મુક્ત અને ન્યાયી વાતાવરણમાં થાય એ માટે રવિવારે યોજાનારી ચૂંટણી પર મનાઈ હુકમ આપવો તથા જો બેલેટ પેપર પ્રકાશિત થઈ ગયા હોય તો કોર્ટ અંતિમ ચુકાદો આપે ત્યાં સુધી ચૂંટણીનું પરિણામ અટકાવવું.

આ કેસમાં શુક્રવારે કોર્ટે તમામ પક્ષોની રજૂઆતો સાંભળી સ્ટે કે કોઈ અન્ય ઓર્ડર પાસ કર્યા વિના વધુ સુનાવણી સોમવાર પર રાખી હતી. એ પછી આજે સુરતની સેશન્સ કોર્ટ એ પીટીશન ડિસમિસ કરી કાઢી નાખી હતી. કોર્ટે શુક્રવારે ચૂંટણી માટે મતદાન કે મતદાન પછી પરિણામ જાહેર કરવા સામે કોઈ મનાઈ હુકમ આપ્યો ન હતો. અરજદાર સીએ. હાર્દિક જીવરાજભાઈ કાકડિયાએ ચેમ્બરની આર્બિટેશન કમિટી સમક્ષ અરજી કરી હતી. પણ કમિટી એ તેઓની અરજી પર કોઈ કાર્યવાહી નહીં કરતા તેમણે નારાજ થઈ ગુરુવારે કોર્ટમાં તાકીદની પીટીશન કરી હતી.

જો કે આ પીટીશન ડિસમિસ થઈ જતાં ઉપ પ્રમુખ રવિરાજ દેસાઈનો માર્ગ મોકળો થઈ ગયો છે અને તમામ કાનુની અડચણ પણ દૂર થઈ ગઈ છે. જેના કારણે સાબિત થઈ ગયું છે કે ચેમ્બરના પૂર્વ પ્રમુખોનો દબદબો યથાવત છે.

## ઉધનાથી ઉપડતી બે સમર સ્પેશિયલ ટ્રેનોના કોચ વધારાયા

સુરત : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર 09031/09032 ઉધના - હરપાલપુર - ઉધના (સાપ્તાહિક) જે આ ટ્રેન અત્યાર સુધી કુલ 22 એલએચબી કોચની ક્ષમતા સાથે દોડતી હતી, જેમાં 20 જનરલ કોચ (LS), 1 એલએસએલઆરડી અને 1 એલ ડબલ્યુએલઆરઆરએમ કોચ સામેલ હતા. હવે સુધારાયેલી નવી વ્યવસ્થા અંતર્ગત આ ટ્રેન કુલ 18 કોચ સાથે દોડશે. જ્યારે ઉધના - મંડુઆડીહ - ઉધના (દ્વિ-સાપ્તાહિક): આ ટ્રેન અગાઉ કુલ 19 એલએચબી કોચ સાથે માત્ર અનઆરક્ષિત એટલે કે જનરલ ટ્રેન તરીકે દોડતી હતી, જેમાં 17 જનરલ કોચ (LS/LSCN), 1 LSLRD અને 1 LWLRRM કોચ ઉપલબ્ધ હતા. હવે આ ટ્રેનની સંરચનાને પણ સ્ટાન્ડર્ડાઈઝ કરીને કુલ 18 કોચની કરવામાં આવી છે. જેમાં હવેથી 06 સ્લીપર ક્લાસ (LSCN) કોચ, 10 જનરલ (LS) કોચ, 1 LSLRD અને 1 LWLRRM કોચ જોડવામાં આવશે.

# બોનેટમાંથી ધુમાડો નીકળતા જ કારમાંથી ઉતરી જતા બચાવ

**ગણતરીની** સેકન્ડમાં જ આખી કાર આગમાં લપેટાઇ ગઇ



સુરતઃ શહેરનાં ન્યુ સિટીલાઈટ વિસ્તારમાં રવિવારે રાત્રે રસ્તા ઉપર દોડતી એક કાર ભડભડ સળગી ઉઠતા ભાગદોડ મચી જવા પામી હતી. એટલુજ નહિ તે સમયે કારમાં સવાર ચાર વ્યક્તિ તરત જ નીચે ઉતરી જતા તમામનો આબાદ બચાવ થયો હતો. જોતજોતામાં આખી કાર બળીને સંપુર્ણ ખાખ થઈ ગઈ હતી. બનાવની જાણ કરવામાં આવતા વેસુ ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ ઉપર પહોંચીને આગ ઓલવવાની કવાયતમાં લાગી ગયો હતો.

વેસુ ફાયર ઓફિસર કિશોર પટેલનાં જણાવ્યા મુજબ રવીવારે રાત્રે 10:27 કલાકે કારનાં માલિક રાજેશભાઈ કનસાગરા તેમની કાર લઈને ન્યુ સિટીલાઈટ સ્થિત પલ રેસિડેન્સી નજીકથી પસાર થઈ રહ્યાં હતા,દરમિયાન કારનાં બોનેટમાંથી ઘૂમાડા નીકળવા લાગ્યા હતાં અને કાર સળગવા લાગી હતી. ઘટનાની ગંભિરતા પારખી કારમાં સવાર રાજેશભાઈ તથા અન્ય ત્રણ વ્યક્તિઓ તરત જ ઉતરી ગયા હતા. બાદમાં ફાયર કંટ્રોલને બનાવ અંગે જાણ કરવામાં આવી હતી તેથી વેસુ ફાયર બ્રિગેડ સ્થળ ઉપર પહોચી હતી. ફાયરનાં જવાનોએ કાર ઉપર સતત પાણીનો મારો ચલાવી અગ ઉપર ગણતરીની મિનિટોમાં જ કંટ્રોલ કરી લીધો હતો.જોકે કાર સંપુર્ણ રીતે બળીને ખાખ થઈ ગઈ હતી.કારનાં વાયરિંગમાં ટેક્નિકલ ખામી સર્જાતા આગ લાગી હોવાનુ પ્રાથમિક કારણ જાણવા મળ્યુ હતુ.



# પાલ હેલ્થ સેન્ટર પાસે પાણીની લાઇન લીકેજથી હજારો લીટર પાણી વેડફાયું

**પાણી** બચાવની અપીલ કરતી મનપાની જ બેદરકારી સામે લોકોમાં રોષ, વારંવાર ફરિયાદ છતાં કાર્યવાહી નહીં

સુરત શહેરમાં એક તરફ ઉનાળાની ગરમી વચ્ચે પાણીની માંગ સતત વધી રહી છે અને સુરત મહાનગર પાલિકા દ્વારા પાણી બચાવ અંગે શહેરીજનોને અપીલ કરવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ મનપાની જ બેદરકારીને કારણે પીવાના પાણીનો મોટા પ્રમાણમાં વ્યય થતો હોવાની ફરીયાદો સામે આવી રહી છે. પાલ હેલ્થ સેન્ટર પાસે છેલ્લા કેટલાક દિવસોથી પાણીની લાઇનમાં લીકેજ થતા સતત પાણી વહેતું રહેતા સ્થાનિકોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

મનપા દ્વારા શહેરમાં રોજિંદા 1300 એમએલડીથી વધુ પાણીનું વિતરણ કરવામાં આવે છે. ઉનાળાની ઋતુમાં પાણીની જરૂરિયાત વધતા પાણી બચાવવા માટે મનપા ટ્રીટેડ વોટર ઉદ્યોગોને આપવાની સાથે વિવિધ જાગૃતિ અભિયાન પણ ચલાવી રહી છે. જોકે, સ્થળ પર પાણીની લાઇન લીકેજ જેવી સમસ્યાઓનો સમયસર ઉકેલ ન આવતા પાણી બચાવના દાવા ખોટા સાબિત થઈ રહ્યા હોવાની ચર્ચા ઉઠી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પાલ હેલ્થ સેન્ટર નજીક લાંબા સમયથી પાણીની લાઇન લીકેજ થતી હોવા છતાં યોગ્ય મરામત કરવામાં આવી નથી. વારંવાર રજૂઆત છતાં પ્રશ્ન યથાવત રહેતા રસ્તા પર પાણીનો ભરાવો થવાની સાથે રોજ હજારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે.

## પનાસગામમાં ઝાડા થઈ જતાં આધેડનું મોત

સુરતઃ પનાસગામમાં ઝાડા થતાં આધેડનું મોત નિપજ્યું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની તુકારામ ચંદ્રકાંત જાદવ (47 વર્ષ) હાલ પનાસગામમાં પરિવાર સાથે રહેતો હતો અને વોચમેન તરીકે નોકરી કરતો હતો અને હાલ બેકાર હતો. તેને છેલ્લા ત્રણેક દિવસથી ઝાડા થઈ રહ્યા હતા. જેની તેએ મેડિકલ પરથી દવા લાવીને પણ લીધી હતી. દરમિયાન રવિવારે સાંજે તેની તબિયત લથડતા પરિવારજનો તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### VNSGUના કર્મચારી દેવલ એન્જિનિયર પીએચ.ડી. થયા



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વહીવટી કર્મચારી તરીકે ફરજ બજાવતા દેવલ ખુશમનલાલ એન્જિનિયર(પટેલ)એ સમાજશાસ્ત્ર વિભાગમાં “મહાનગરમાં અનુસૂચિત જનજાતિની મહિલાઓમાં સશક્તિકરણઃ એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (સુરત શહેરના સંદર્ભમાં)’’ વિષય પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડો.મધુભાઈ ગાયકવાડના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યો હતો.

### ડુમસ રોડના દત્ત મંદિર ખાતે આજે સચ્ચિદાનંદ સ્વામીની જન્મજયંતિ ઉજવાશે

સુરતઃ ડુમસ રોડ પર લે મેરિડિયન હોટલ પાસે આવેલા દત્ત મંદિરમાં પ.પૂ. સદગુરુ ગણપતિ સચ્ચિદાનંદ સ્વામીજીની જન્મ જયંતિ નિમિત્તે આવતીકાલે તા.૨૬ને મંગળવારના રોજ સવારે ૧૦-૩૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી સદગુરુ પાદુકા પૂજન, ગુરૂગીતા પારાયણ, સદગુરુ સ્તવન સહિતના કાર્યક્રમો યોજાશે.

### સુરતી મોઢ વણિક અઠવા પંચ યુવક મંડળની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



સુરતઃ સુરતી મોઢ વણિક અઠવા પંચ યુવક મંડળ અને ધી સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંક લિમિટેડના સંયુક્ત ઉપક્રમે અલથાણ-ભીમરાડ રોડ સ્થિત હેમીનોમ સ્પોર્ટ્સ ક્લબ ખાતે યોજાયેલી “ફેમિલી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ - સિઝન ૪” ભવ્ય સફળતા સાથે પૂર્ણ થઈ હતી. ટુર્નામેન્ટમાં ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. ફાઇનલ મુકાબલામાં તેજશભાઈ વાંકાવાળાની “ફેમિલી વોરિયર્સ” ટીમે હર્ષિલ ગાંધીની “તરફ ટાઈટન્સ”ને હરાવી ચેમ્પિયન ટ્રોફી જીતી હતી. હર્ષિલ ગાંધીને મેન ઓફ ધ સિરીઝ તથા બેસ્ટ બેટ્સમેનનો એવોર્ડ મળ્યો હતો. પાયલબેન બેકાવાલા ફાઇનલના મેન ઓફ ધ મેચ બન્યા હતા. બેસ્ટ બોલર તરીકે રાશીબેન જરીવાલા અને બેસ્ટ ફિલ્ડર તરીકે રાજભાઈ જરીવાલાનું સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશભાઈ મોદી, અમિતભાઈ ગજ્જર સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. સફળ આયોજન માટે વિમલભાઈ બેકાવાળા, સંજયભાઈ અનાજવાળા સહિત યુવક મંડળની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

### સિનીયર સિટિઝન્સ એસો. દ્વારા જળ એ જીવન વિષે વ્યાખ્યાન યોજાયું

સુરતઃ સિનિયર સિટિઝન્સ એસો,ની તા. 22-4-2026નાં રોજ લાયન્સ હોલ, લાલજીનગર અડાજણ ખાતે પ્રમુખ બળવંતરાય ગજ્જરનાં અધ્યક્ષ પદે મીટિંગ મળી હતી. શંખધ્વની હેમલતા પટેલ, પ્રાર્થના નયના ભગત, જન્મદિવસની શુભેચ્છા ઉષા ગજ્જર તેમજ જૈમિન દેસાઈ દ્વારા આપવામાં આવી હતી. બળવંતરાય ગજ્જરે તાપી માતાનું મહાત્મ્ય જણાવ્યું હતું અને સભ્યોના પ્રશ્નોના જવાબો આપ્યા હતા. સાથે જ તાપી નદીની સ્વચ્છ રાખવાના અને પીવાનાં પાણીનો બગાડ ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવાઈ હતી. સંચાલન બચુબેન નાયકે કર્યુંસ હતું. આભારવિધિ દિલીપ બોઘાવાળાએ કરી હતી.

### બકરી ઈદ નિમિત્તે તા.28મીએ કોર્ટ બંધ રહેશે, તા.27મી ચાલુ રહેશે

સુરતઃ ગુજરાત હાઈકોર્ટ દ્વારા જિલ્લા અદાલત, સુરત તથા તેનાં તાબાની તમામ કોર્ટોમાં બુધવાર તા. ૨૭/૦૫/૨૦૨૬ ને બદલે ગુરૂવાર તારીખ ૨૮/૦૫/૨૦૨૬નાં રોજ ઈદ-ઉલ-અઝહા (બકરી-ઈદ) નિમિત્તે રજા જાહેર કરવામાં આવી છે. તારીખ ૨૭/૦૫/૨૦૨૭નાં રોજ જિલ્લા અદાલત, સુરત તથા તેનાં તાબાની તમામ કોર્ટોની કાર્યવાહી રાબેતા મુજબ ચાલુ રહેશે.

### આડમોર ગામના શાંતાબેન પટેલ દ્વારા કુરૂક્ષેત્ર સ્મશાનભૂમિને 2.50 લાખનું દાન



સુરતઃ કુરુક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે અગ્નિસંસ્કાર યોજના બહાર પાડી છે જેમાં આડમોર ગામના નિશાળ ફળિયાના વતની શાંતાબેન પટેલે પોતાના પતિ વિઠ્ઠલભાઈ પટેલની સ્મૃતિમાં ગામ વતી રૂપિયા બે લાખ પચાસ હજારનો ચેક ટ્રસ્ટ્રનાં પ્રમુખ કમલેશભાઈ સેલર, સેક્રેટરી અજયભાઇ ગાંધી અને ટ્રસ્ટ્રી મહેશભાઈ પટેલને તેમનાં પરીવારજનો આઈ.ટી.આઈ નિવૃત્ત ઓફીસર ઠાકોરભાઈ પરભુભાઇ પટેલ અને સુરત મહાનગર પાલિકાનાં નિવૃત્ત ડે.ઈજનેર હરીહરભાઈ એમ.પટેલ હસ્તે આપવામાં આવ્યો હતો. ટ્રસ્ટ પરિવાર તરફથી પ્રમુખ કમલેશભાઈ સેલરે શાંતાબેન પટેલનો આભાર માન્યો હતો.

### ક્વોન્ટિટીમાં ધર્મ નથી પણ ક્વોલિટીમાં ધર્મ છેઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુંબઈ સ્થિત શ્રી ગોવાલીયા ટેંક શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં ધર્મસભા યોજાઈ હતી. આ પાવન અવસરે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મપ્રેમીઓ સમક્ષ જણાવ્યું હતું કે, આપણી ભીતરમાં રાગ-દ્વેષ અને વિષય-કષાય જેટલા અંશમાં પાતળા પડે તે આપણા સાચા અર્થમાં ધર્મનું થર્મોમીટર છે. ક્વોન્ટિટીમાં ધર્મ નથી પણ ક્વોલિટીમાં ધર્મ છે. અત્યારે સંખ્યાત્મક ધર્મ ઘણો વધ્યો છે, પણ આત્મસ્પર્શના સ્વરૂપ ધર્મ ઘટ્યો છે. સાચા અર્થમાં ધર્મ તે છે કે જેનું શરણું સ્વીકારતા વેંત દુઃખ, દુર્ગતિ, દુર્મતિ અને દુર્ભાગ્ય ક્ષણવારમાં ગાયબ થઈ જાય છે. આજનો માણસ ડગલે ને પગલે માત્ર પોતાનો જ વિચાર કરી રહ્યો છે. મંદી અને મોંઘવારીના વિષચક્રમાં ‘મારું શું થશે?’ એ ચિંતા માણસ સતત કરી રહ્યો છે પણ આવા કપરા સંયોગોમાં ‘બીજાનું શું થતું હશે?’ એ ચિંતન લગભગ નષ્ટ થઈ ગયું છે.

### પેન્શનર્સ એસો.ની વાર્ષિક સભા 14 જુને, વયવંદના સાથે તેજસ્વી છાત્રોનું સન્માન

સુરતઃ સુરત જીલ્લા પેન્શનર્સ એસોસિએશન દ્વારા આગામી 14 જુન રવિવારના રોજ સવારે 10 કલાકે મોઢ વણિક વાડી, બમનજીની શેરી, રૂઘનાથપુરા, સુરત ખાતે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. સભાની સાથે વિશેષ સન્માન સમારોહમાં વય વંદનામાં એસો.ના જે સભ્યોની ઉંમર 65 વર્ષ અને 80 વર્ષ થઈ હોય તેનું સન્માન કરાશે. સાથે સાથે સભ્યોની સીધી લીટીના વારસદારો (પુત્ર/પુત્રી કે પૌત્ર/પૌત્રી ) જેઓએ ચાલુ વર્ષ કોઈપણ શાખામાં ડિગ્રી પ્રાપ્ત કરી હોય અથવા ધોરણ 10 કે 12માં 60% થી વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓને પારિતોષિક આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. સન્માન માટેના ઉંમરના પુરાવા અને વિદ્યાર્થીઓના પુરાવા સંસ્થાની ઓફિસ ખાતે જમા કરાવવા માટે અનુરોધ કરાયો છે.

### બ્રહ્માકુમારીના ભેંસાણના સેવા કેન્દ્ર પર સમર કેમ્પ યોજાયો



સુરતઃ ભેંસાણ રોડ, આનંદ વિલા ખાતે આવેલા બ્રહ્માકુમારીના સેવા કેન્દ્ર દ્વારા ત્રણ દિવસના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 45 બાળકોએ ભાગ લીધો હતો. જેમાં સ્પોર્ટ્સ, ડ્રોઈંગ કોમ્પિટિશન, ડાન્સિંગ, પર્સનાલિટી ડેવલપમેન્ટ જેવા વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.